


ISSN : 2395-1427

'एकं सद्विप्रा बहुधा वदन्ति - ऋग्वेद'

Bimonthly

# Gyan Pipasa

Peer reviewed Journal

The National Journal of Literary : Science & Humanity (Multi Disciplinary)

Vo.2 Issue : XI Sept.- Oct. 2016

Editor :
Dhruvinkumar Chauhan

Scanned with CamScanner

ISSN : 2395-1427

GYAN PIPASA
The National Journal of Literary : Science & Humanity (Multi Desciplinary)

**Statement about ownership and particulars about the periodical**

## Gyan Pipasa

The National journal of Literary : Science & Humanity (Multi Disciplinary)

फार्म 4/FORM IV

( नियम c देखिए / See Rule 8)

| | | |
|---|---|---|
| 1. | प्रकाशन का स्थान / Place of Publication | Gandhinagar (Gujart) |
| 2. | प्रकाशन की अवधि / Periodicity of its publication | Bimonthly |
| 3. | मुद्रक का नाम / Printer's Name | Perfect Prints |
| | (क्या भारत का नागरिक है ?) (Whether citizen of India ?) | Yes |
| | (यदि विदेशी है तो मूल देश) (If Foreigner, State the Country of origin) | |
| | पता / Address | Sector-22, Gandhingar |
| 4. | प्रकाशक का नाम / Publisher Name | Dr. Girish K. Solanki |
| | (क्या भारत का नागरिक है ?) (Whether citizen of India ?) | Yes |
| | (यदि विदेशी है तो मूल देश) (If Foreigner, State the Country of origin) | |
| | पता / Address | Plot.No.76/1, Sec-3/A, Gandhinagar-382006. |
| 5. | संपादक का नाम / Editor's Name | Mr. Dhruvinkumar Chauhan |
| 6. | (क्या भारत का नागरिक है ?) (Whether citizen of India ?) | Yes |
| | (यदि विदेशी है तो मूल देश) (If Foreigner, State the Country of origin) | |
| | पता / Address | Research Assistant, Markiting Dept. MICA Shela, Ahmedabad |

उन व्यक्तियों के नाम व पते जो समाचार-पत्र के स्वामी हो तथा जो समस्त पूंजी के एक प्रतिशत ☐ से अधिक के सांझेदार या हिस्सेदार हो

Names and addresses of individuals who the newspaper And partners of share holders holding more than one per cent of The total capital

7. मैं डो. गीरीश के. सोलंकी एतद् द्वारा घोषित करता हूं कि मेरी अधिकतम जानकारी एवं विश्वास के अनुसार उपर दिए गए विवरण सत्य है

I, Dr. Girish K. Solanki , hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Sd/-

प्रकाशक के हस्ताक्षर/ Signature of Publishe



Scanned with CamScanner

ISSN : 2395-1427

GYAN PIPASA

The National Journal of Literary : Science & Humanity (Multi Desciplinary)

# Index.......192 to 237

Establishment-2016

Gyan pipasa

year : 02, Vol : 02,

Issue : XI

Sept. – Oct. 2016

Gyan pipasa :

Publication dept.

Dr.Girish K. Solanki

plot no.76/1

Sector-3/A,

Gandhinagr-382006

Mo. 98790 26573

girishsolanki2015@gmail.com

Membership fee :

Annual : 1200

Bi-Annual : 600

Typestting :

Perfect Prints

Sector-22,

Gandhinagar

Anis Ansari

9662254230

સંપાદકીય

| NO. | ARTICLES | PAGE NO. |
|---|---|---|
| 01. | A CRITICAL STUDY OF FEMINIST STYLE AND TECHNIQUE OF THE POEMS OF MAMTA KALIA<br>– *Desai Dasharathbhai Bhathibhai* | 192 |
| 02. | A STUDY OF THE FEMINIST STYLE AND TECHNIQUE IN SHASHI DESHPANDE'S WORK<br>– *Jaiminibahen G. Chaudhari* | 200 |
| 03. | A STUDY OF CREATIVITY OF 10th STANDARD STUDENTS OF AHMEDABAD CITY IN RELATION TO THEIR ACHIEVEMENT<br>– Nidhi S. Patel | 208 |
| 04. | NATURE DOMINATES IN THE STORIES OF RUSKIN BOND<br>– *Mr. Dhimantkumar P. Soni* | 212 |
| 05. | INNOVATIVE METHODS IN TEACHING ENGLISH LANGUAGE : USE OF SPIRITUAL FAITH<br>– *Dr Alpana P Patidar* | 216 |
| 06. | મહિલા અને આરોગ્ય<br>– ડૉ. માલતી પટેલ | 222 |
| 07. | मालविकाग्निमित्रे प्रयुक्तानां ण्यर्थकधातूनाम् अर्थचक्रयाविमर्शः :।<br>– जसुबेन एम परमार | 225 |
| 08. | કવિશ્રી નારાયણભટ્ટપાદ કૃત 'સાહાસુધાકર' : એક અભ્યાસ<br>– ડૉ.સુરેખા કે. પટેલ | 231 |
| 09. | *THE ORIGIN OF CAMPU*<br>– *Dr.Varsha H Patel* | 234 |
| 10. | વડનગર ઉપર થયેલા હુમલાઓ<br>–પ્રો. અમિત પી. માછી | 236 |

**નોંધ :**
લેખમાં પ્રકાશિત તથ્યો, વિગતો, લખાણ અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે લેખના લેખકની રહેશે. આ અંગે પ્રકાશકની કોઈ જવાબદારી બનતી નથી. લેખમાં પ્રસ્તુત વિચારો મંતવ્યો લેખકના અંગત છે. જે અંગે પ્રકાશક સંમત છે તેમ માનવું નહી. મુદ્રણદોષ અંગેની જવાબદારી પ્રકાશકની રહેશે નહી.



Scanned with CamScanner

ISSN : 2395-1427

GYAN PIPASA
The National Journal of Literary : Science & Humanity (Multi Desciplinary)

# 08. કવિશ્રી નારાયણભટ્ટપાદ કૃત 'સ્વાહાસુધાકર' : એક અભ્યાસ

ડૉ.સુરેખા કે. પટેલ
સંસ્કૃત વિભાગ,
જી.ડી.મોદી આર્ટ્સ કોલેજ,
પાલનપુર. (B.K.Dist., N.Guj.)

'કાવ્યમાલા' સિરીઝના ચતુર્થ, ગુચ્છકમાં પ્રકાશિત થયેલી 'स्वाहासुधाकर' અને પાંચમા ગુચ્છકમાં પ્રકાશિત થયેલી 'કોકસંદેશ-પ્રબંધકે' કૃતિના કર્તા મહાકવિશ્રી નારાયણ ભટ્ટપાદનો જન્મ કેરળદેશના ભૂષણરૂપ (અલંકારરૂપ) 'નિલા' નામની પવિત્ર નદીથી સાડી ઓગણપચાસ યોજન દૂર, ઉત્તરતીરે દેવીક્ષેત્ર ચંડનકવુની પાસે આવેલા 'મેપ્પુત્તૂર' કે 'મેલપુત્તુર' (કાવ્યમાલામાં ચતુર્થગુચ્છકમાં પ્રકાશિત 'स्वाहासुधाकर'ની ટિપ્પણી મુજબ તેમજ 'History of Sanskrit literature' મુજબ બે નામો મળે છે.)માં નામ્બુદીકુળમાં થયો હતો. આ સ્થળ મલબારના પુન્નની તાલુકામાં 'કુરુમ્પેટ્ટુર' તરીકે ઓળખાય છે. શ્રી નારાયણભટ્ટ તે દેવીના ભક્ત હતા. તેમના પિતાશ્રી 'માતૃદત્ત' એક વિદ્વાન હતા. તેમનાં માતા 'પપ્પુરપેટરી કુટુંબનાં હતાં.તેમનો સમય ઈ.સ. ૧૫૬૦ થી ૧૬૪૬નો છે. તેઓશ્રીએ બાળપણમાં અભ્યાસ કર્યો ન હતો. માત્ર કાવ્ય વગેરે થોડુંક ભણ્યાં હતા. લગ્ન બાદ 'ત્રિક્કન્તીયુર'ના અચ્યુત નામના વૈષ્ણવદાસના શિષ્ય 'પિશા-રોટી' પાસે તેઓશ્રીએ બધાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. આ પિશારોટી એક વિદ્વાન હતા. પરંતુ, વેદાધ્યયન કરાવવા માટેની લાયકાત ધરાવતા ન હતા, આમ છતાં, તેઓએ નારાયણને વેદાધ્યયન કરાવ્યું. આ પાપને કારણે પિશારોટી- 'વાતરોગ' (કોઈ મોટો રોગ)ના ભોગ બન્યા. નારાયણે ગુરુના આ રોગને પોતાના તપની શક્તિથી પોતાના દેહમાં દિવ્યશક્તિથી સંક્રમિત કરી લીધો અને તેને દૂર કરવાનો ઉપાય વિચારી 'ગુરુવાયુપુરમ્' નામના પ્રસિદ્ધ ક્ષેત્રમાં (દક્ષિણમાં આવેલું સ્થળ કે જયાં ભગવાન વિષ્ણુની પૂજા થાય છે.) રહેલા ભગવાન નારાયણની સ્તુતિ (ભક્તિ) કરી. (કૃષ્ણમા ચારિયરના 'History of sansKrit Literature' માં શ્રીકૃષ્ણની સ્તુતિ કરી તેવો ઉલ્લેખ છે.) દરરોજ આ સ્તોત્રરૂપ શ્રીમદ્ ભાગવતના અર્થનું પ્રતિપાદન કરતું માનવશ્રવણથી સંતોષ આપનારું, અતિ રમણીય પદસમુદાયથી યુક્ત 'नारायणीयम्' નામનું (સ્તોત્રરત્ન) શ્રેષ્ઠ સ્તોત્ર રચ્યું. આ સ્તોત્ર પણ કેરળ દેશવાસીઓ દ્વારા દરરોજ ઉપાસના કરાતાં શ્રીમદ્ ભાગવતની માફક પ્રસિદ્ધ થયું છે. (અર્થાત્ તે સ્તોત્રનો જયજયકાર થાય છે.) આ સ્તોત્રનું નિર્માણ કળિયુગના દિવસોની સંખ્યા તેના અંતિમ શ્લોકમાં 'आयुरारोग्यसौख्यम्'૧ પદથી બતાવી છે. (૧૭૧૨૨૧૦ એ વીતેલા કળિયુગના દિવસોની સંખ્યા છે.) આ 'नारायणीयम्' સ્તોત્ર ઈ.સ. ૧૫૯૦માં રચ્યું હતું. આમ, ગુરુવાયુ- પુરમ્‌ના સ્વામી શ્રી ભગવાન નારાયણની કૃપાથી સમગ્ર રોગમાંથી મુક્તિ પામી, પોતાનો દેહ નિર્મળ બનાવ્યો અને તેઓને આયુષ્ય, આરોગ્ય અને સુખની પ્રાપ્તિ થઈ.

'ગુરુવાયુપુરમ્' ના દેવાલય અને નદીમાં રહેતા રાજા દ્વારા પ્રાર્થના કરાતાં તેઓએ 'प्रक्रियासर्वस्व'૨ નામનો પાણિનીયસૂત્રની વ્યાખ્યારૂપ ગ્રંથ રચ્યો. ફરીથી કોઈ એકવાર બાલચંદ્રના દર્શનથી જન્મેલા કૌતુકવાળા ભૂદેવો દ્વારા પ્રાર્થના કરાતાં 'કયા કારણથી બધા લોકો આ વસ્ત્રને ફેંકી દેનારને વંદન કરે છે, એ તમારે પ્રબંધરૂપે જ કહેવું. તેથી તેઓએ તુરંત જ 'स्वाहासुधाकर' નામનો શ્રેષ્ઠ પ્રબંધ રચ્યો. કવિની આ ('स्वाहासुधाकर') રચના ૩૦૦ વર્ષથી વધુ પ્રાચીન નથી. કારણ કે તેમાંથી શ્લોકો બીજા ગ્રંથોમાં ઉદ્ધૃત કરવામાં આવ્યા નથી. તેથી આ પ્રાચીન છે, એમાં કોઈ શંકા નથી.

શ્રી નારાયણભટ્ટપાદે કેરાલાની બહાર પણ યાત્રા કરી હતી. વારાણસીમાં સિદ્ધાંત કૌમુદીના કર્તા ભટ્ટોજીદીક્ષિતને પણ મળ્યા હતા અને તે 'ભટ્ટથિરી'ની વિદ્વતાથી પ્રભાવિત થયા હતા. દક્ષિણ- પથમાં તેમની મુલાકાત પછી ભટ્ટોજીદીક્ષિતે બીજા કોઈને મળવાનું ટાળ્યું હતું. આ કવિ તાંજોરના રઘુનાથ નાયકના દરબારના યજ્ઞનારાયણ દીક્ષિત વગેરે વિદ્વાનોને મળ્યા હતા. તેઓએ કોચીનના મહારાજા કાલિકટના જામોરીનના દરબારની મુલાકાત લીધી હતી. ચંપકકેસરી અને વાટકકુનુરની પણ મુલાકાત લીધી હતી. અનેક રાજાઓમાં કોચીનના વીર-કેરલની સ્તુતિ કરી હતી. અનેક રાજાઓમાં કોચીનના આ વીરકેરલ રાજાએ તેમજ ચંપકકેસરીના રાજાએ શ્રી ભટ્ટનારાયણપાદ કવિને રાજ્યાશ્રય આપ્યો હતો. ચંપક કેસરી અને ત્રાવણકોરના રાજા વચ્ચે સુમેળ ન હોવાથી તેમણે ત્રાવણકોરની મુલાકાત લીધી ન હતી. 'मत्स्यावतार' ચમ્પૂમાં કવિશ્રીએ ત્રાવણકોરના રાજા રવિવર્માનો ઉલ્લેખ પણ કર્યો છે.



Scanned with CamScanner